વાપીના માર્ગો પર ઢોરોનું રાજ

પશુપાલકો બેફિકર અને તંત્ર ગાંધારીની ભૂમિકામાં

રાત્રે પણ અહીં ઢોરો બેસી રહે છે

વાપીઃ આમ તો વાપીના માર્ગો ઉપર આખું વર્ષ ખુલ્લેઆમ ઢોરો ફરતા નજરે પડી રહ્યા છે. જેમાં ચોમાસાની ઋતુમાં ખુલ્લેઆમ ફરનારા ઢોરો માર્ગો ઉપર જમાવડો કરવાને લઈ અવરજવર કરનારા સૌ કોઈ વાહનચાલકો તોબા પોકારી રહ્યા છે. પશુપાલકો બેફિકર થઈ પશુઓને છોડી મૂકતા હોય છે. જેને લઈ દરરોજ અવરજવર કરનારા વાહનચાલકો, રાહદારીઓ ઢોરોના જમાવડાથી તોબા પોકારી રહ્યા છે. જ્યારે તંત્ર આ સમસ્યા નાથવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જો કે, તે પણ ચાર દિન કી ચાંદની સાબિત થાય છે.

વાપી તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં ઢોરોનો જમાવડો જોવા મળી રહ્યો છે. વાપી ટાઉન બજારના માર્ગો, ચલા મુકતાનંદ માર્ગ, બલીઠા માર્ગ ઉપર ઢોરોનો જમાવડો જોવા મળી રહ્યો છે. માર્ગ ઉપર જ ઢોરો બેસેલા જોવા મળે છે અને ત્યાં જ આગળ મળમૂત્ર કરવાને લઈ ગંદકીમાં વધારો થતો હોય છે તો બીજી તરફ ઢોરોને કારણે વાહનવ્યવહાર પણ ખોરવાઈ રહ્યો છે.

આ માર્ગો મનપાને દેખાતા જ નથી

■ વાપી ટાઉન બજાર ■ ચલા મુકતાનંદ માર્ગ ■ બલીઠા માર્ગ

વાપી હાઈવે પર પાંચ ભેંસોના અકસ્માતમાં મોત નિપજયા

વાપી ને.હા.નં.48 ઉપરથી પાંચ ભેંસોના અકસ્માતમાં મોત નિપજયા હોવાનું જાણવા મળી રહ્યું છે. હાઈવે ઉપર દિવસ-રાત અનેક નાના-મોટા વાહનો પસાર થતાં હોય છે. તેમાં વળી રાત્રીના સમયે ભેંસો હાઈવે પર ચડી જાય તો કોઈ વાહનચાલકને પણ નજરે પડતી નથી. નોંધનીય છે કે, વાપી ને.હા. નં.48 ઉપર પાંચ ભેંસો આવી ચડી હતી અને કોઈક વાહનની અડફેટે આવી જતા મોતને ભેટી હતી. હાઈવે પર ભેંસના મોત નિપજયાની માહિતી મળતા જ જવાબદાર વિભાગની ટીમ સ્થળ પર જેસીબી અને ટ્રેકટર લઈને પહોંચી હતી અને મૃતક ભેંસોને જેસીબીની મદદથી ઊંચકી ટ્રેકટરમાં ભરી લઈ ગયા હતાં. નોંધનીય છે કે, પશુપાલકો બેફિકર બની ખુલ્લેઆમ ઢોરો છોડી મૂકતા હોય છે અને તે પશુઓ હાઈવે પર આવી પહોંચતા હોય છે.

હાઇકોર્ટનું વલણ કડક છે

- **સખત કાર્યવાહીઃ** હાઈકોર્ટે રખડતા ઢોરને પકડવાની કામગીરી યુદ્ધના ધોરણે કરવા અને કાયદાનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો છે.
- **જવાબદારી નક્કી કરવીઃ** રખડતા પશુઓની અડફેટે આવવાથી નાગરિકોના મૃત્યુ કે અકસ્માત થાય તે બાબતે હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે.
- **અમલીકરણ રિપોર્ટઃ** અદાલતે તંત્ર પાસે રખડતા ઢોર નિયંત્રણ અંગેના અમલીકરણનો રિપોર્ટ પણ માંગ્યો છે.
- **તંત્રની બેદરકારીઃ** હાઈકોર્ટના કડક આદેશો છતાં હજુ પણ અનેક શહેરોમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત જોવા મળે છે, જેના પર કોર્ટ સતત નજર રાખી રહી છે.

ભાજપ લઘુમતી મોરચાનો પ્રમુખ દેશી દારૂમાં વપરાતી સ્ટિક સાથે ઝડપાયો

સેગવા ગામેથી નવસારની ૧૫ હજાર સ્ટિક સાથે બે ઝડપાયા, સપ્લાયર અને નેટવર્ક અંગે તપાસ શરૂ

વલસાડ : વલસાડના કળવાડા ગામે પોલ્ટ્રી ફાર્મમાંથી ગેરકાયદે નવસારનો જથ્થો ઝડપવાના કેસમાં રાજકીય કનેક્શન સામે આવ્યું છે. પોલીસે નવસારની 15,960 સ્ટીક સાથે ઝડપેલા બે આરોપીઓ પૈકીનો સુલેમાન ઇસ્માઈલ શેખ વલસાડ તાલુકા ભાજપ લઘુમતી મોરચાનો પ્રમુખ હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે ભાજપે સુલેમાનને સસ્પેન્ડ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં લઠ્ઠાકાંડ બાદ પોલીસ દ્વારા ગેરકાયદેસર દારૂના ઉત્પાદન અને તેના માટે ઉપયોગમાં લેવાતા કાચા માલ સામે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ત્યારે એસ.ઓ.જી. વલસાડને બાતમી મળતાં કળવાડા ગામે નહેર પાસે આવેલા પોલ્ટ્રી ફાર્મમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં પતરાના શેડમાંથી પ્લાસ્ટિકની મીણીયા કોથળીઓમાં ગેરકાયદે રીતે સંગ્રહ કરાયેલો નવસારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 58 બોક્સમાંથી નવસારની કુલ 15,960 સ્ટીક, કિંમત રૂપિયા79,800 કબજે કરી હતી.

આ કાર્યવાહીમાં પોલીસે સુલેમાન ઇસ્માઈલ શેખ અને જાવેદભાઈ ઇસ્માઈલ શેખ, (બંને રહે. સેગવા ગામ, રાજપૂત ફળિયા, વલસાડ) ની ધરપકડ કરી હતી. નવસારના જથ્થા ઉપરાંત એક મોબાઇલ ફોન સહિત કુલ રૂપિયા 84,800નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

નવસારના ગેરકાયદે જથ્થા સાથે ઝડપાયેલા સુલેમાન શેખ વલસાડ તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ હોવાની માહિતી સામે આવતા મામલો રાજકીય રીતે પણ ચર્ચાસ્પદ બન્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા સુલેમાન શેખને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે.

પોલીસની પ્રેસનોટ મુજબ, નવસારનો જથ્થો સપ્લાય કરનાર તલાસરીના અને હાલ સુરત ખાતે રહેતા જગદીશ કડકતાવાળાનું નામ સામે આવ્યું છે. જ્યારે જથ્થો લેનાર અન્ય પાંચ લોકોના નામ પણ તપાસમાં સામે આવ્યા છે.

લઠ્ઠાકાંડ મુદ્દે ભાજપના બેવડા ધોરણ

એક તરફ ભાજપ સંગઠન દ્વારા લઠ્ઠાકાંડ અને ગેરકાયદેસર દારૂ-નશીલા પદાર્થો સામે કડક વલણની વાત કરવામાં આવી રહી છે, ત્યારે પક્ષના જ લઘુમતી મોરચાના તાલુકા પ્રમુખની ગેરકાયદેસર નવસારના જથ્થા સાથે ધરપકડ થતાં વલસાડના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

નવસારીમાં 'લિફ્ટ'ના બહાને વૃદ્ધાઓને લૂંટતી ગેંગ ઝડપાઈ

નવસારી LCBએ ઉત્તર પ્રદેશના બે શખ્સોની ધરપકડ કરી ચાર અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલ્યો

નવસારી : નવસારી જિલ્લામાં એકલી જતી વૃદ્ધ મહિલાઓને નિશાન બનાવી લિફ્ટ આપવાના બહાને સોનાના દાગીના લૂંટી લેતી ગેંગનો નવસારી LCBએ પર્દાફાશ કર્યો છે. પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ LCBની ટીમે CCTV ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી સોનાની લગડી, બે મોટરસાયકલ, મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ ૩.3.77 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપીઓમાં સ્વદેશ ઉર્ફે સીલુ રામશંકર મૌર્ય અને શુભમ વિનોદકુમાર મૌર્ય, બંને મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ સચિન, સુરત ખાતે રહેતા હોવાનું સામે આવ્યું છે. જ્યારે ગેંગનો અન્ય સાથીદાર અરબાઝ શેખ, રહેવાસી મધ્યપ્રદેશ, પોલીસ પકડથી દૂર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં ગેંગની ગુનાખોરીની રીત પણ સામે આવી છે. આરોપીઓ ચોરીની મોટરસાયકલનો ઉપયોગ કરતા અને ઓળખ છુપાવવા નંબર પ્લેટ હટાવી દેતા હતા. ત્યારબાદ અલગ-અલગ વિસ્તારોમાં રેકી કરી રસ્તા પર એકલી જતી મહિલાઓને ટાર્ગેટ કરતા હતા. તાજેતરમાં છાપરા ગામની એક વૃદ્ધ મહિલાને લિફ્ટ આપવાના બહાને સાથે લઈ જઈ મહાદેવ મંદિર નજીક તેના સોનાના દાગીના લૂંટી લીધાની ઘટના પણ આ ગેંગ સાથે સંકળાયેલી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

આ કાર્યવાહીથી જલાલપોર, બીલીમોરા, વલસાડ રેલવે અને ઉત્તર પ્રદેશના કુલ ચાર અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાનું પોલીસે જણાવ્યું છે. ઝડપાયેલા આરોપીઓ સામે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વોન્ટેડ આરોપી અરબાઝ શેખને ઝડપી પાડવા LCBએ તપાસ તેજ કરી છે.

રેતી ખનન અને પાણીની સમસ્યા સહિતના પ્રશ્નોના નિકાલ માટે તાકીદ

નવસારી કલેક્ટર કચેરીમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૨૪થી વધુ અરજદારોની રજૂઆતો

નવસારી : જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૪થી વધુ અરજદારોની વિવિધ પ્રશ્નો અંગેની રજૂઆતો કલેક્ટરે રૂબરૂ સાંભળી હતી. અરજદારો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી તેમના સમયબદ્ધ અને યોગ્ય નિકાલ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં બેંકની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા, કબજા મુજબ પ્રોપર્ટી કાર્ડ, પાણીની લાઈનમાં ક્ષતિ, પાણીની ટાંકી સંબંધિત કામગીરી, ગેરકાયદે બાંધકામ, ગેરકાયદે રેતી ખનન, કોમ્પ્યુટરાઈઝ્ડ ૭/૧૨, બ્લોક સંબંધિત સમસ્યા સહિતના વિવિધ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

કલેક્ટર મનીષ ગુરવાનીએ દરેક અરજીની વિગતો જાણી સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. સાથે જ અરજદારોને માત્ર ઔપચારિક જવાબ નહીં પરંતુ પ્રશ્નોના યોગ્ય અને વ્યવહારુ ઉકેલ સમયમર્યાદામાં મળે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટર જે.એન. લિખિયા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

પારડી હાઈવે પરથી ખોટી નંબર પ્લેટની કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

ખેપિયો સ્થળ પર કાર મૂકી ફરારઃ કુલ ૩.7.75 લાખનો મુદ્દામાલ કબજે

પારડીઃ પારડી નેશનલ હાઈવે નંબર ૪૮ પર પારડી પોલીસ ટીમે શ્રીનાથ હોટલ નજીક વોચ ગોઠવી હતી. તે દરમિયાન વાપી તરફથી આવી રહેલી એક શંકાસ્પદ બ્રેઝા કારને પોલીસે અટકાવવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ચાલાક ડ્રાઈવરે કાર ઊભી રાખવાને બદલે સુરત તરફ પૂરપાટ ઝડપે ભગાવી મૂકી હતી. પોલીસે પીછો કરતાં કારચાલક અંધારાનો લાભ ઉઠાવી વિશ્રામ હોટલ સામે ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તલાશી લેતાં અંદરથી મહારાષ્ટ્ર અને દમણ બનાવટની ઈંગ્લિશ દારૂ તથા બીયરના કુલ ૨૮ બોક્સ જેની કિંમત રૂ.2.75 લાખનો જથ્થો મળી આવ્યો હતો. કાર પર લગાડેલી GJ-16-DG-8637 નંબર પ્લેટ બોગસ હતી. પોલીસે ઈ-ગુજકોપ સિસ્ટમથી તપાસ કરતાં કારનો સાચો નંબર UP-12-BL-7394 હોવાનું સામે આવ્યું છે. કારમાંથી અન્ય ડુપ્લિકેટ નંબર પ્લેટો અને ફાસ્ટટેગ પણ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે બ્રેઝા કાર અને દારૂ મળીને કુલ રૂ.7.75 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પારડી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ અને BNSની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચીખલીમાં તેલના ડબ્બાની ખરીદીમાં અપાયેલા ચેક બાઉન્સ થતા ગુનો

ઇદે મિલાદના પ્રસંગે ખોટા ચેક આપી ૩૬ ડબ્બા પડાવી લેનાર ઈસમને વેપારીની સતર્કતાથી ઝડપી પાડતી પોલીસ

ઘેજ : ચીખલીમાં અનાજ અને કરિયાણાના જાણીતા એચ.એમ. મેઘા સ્ટોર્સના વેપારી સાથે તેલના ડબ્બાની ખરીદીના ઓર્ડર આપીને અલગ-અલગ ચેક બાઉન્સ કરાવવાના મામલે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ઈદે મિલાદના પર્વ નિમિત્તે તેલના ડબ્બા આપવાના હોવાનું ફોન પર જણાવીને જુદા-જુદા ઓર્ડરના ખોટા ચેક આપી કુલ ૧,૦૬,૫૦૦ રૂપિયાની ઠગાઈ આચરનાર એક શખ્સ સામે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી ઈમરાન અશરફ મેમણ (રહે. કાવેરી કોમ્પ્લેક્સ પાસે, તા. ચીખલી)ની ચીખલીમાં જૂના વલસાડ રોડ પર 'એચ.એમ. મેઘા સ્ટોર્સ' નામની કરિયાણાની દુકાન આવેલી છે. ગત ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેમની દુકાનના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો, જેમાં ફોન કરનારે પોતાનું નામ ઈરફાનભાઈ જણાવીને ઈદે મિલાદના પ્રસંગ માટે તેલના ડબ્બા ખરીદવાની વાત કરી હતી. ભાવ નક્કી થયા બાદ તિરુપતિ તેલના ૧૨ ડબ્બાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને સાંજે ડબ્બા લેવા આવેલા રિક્ષાચાલક મારફતે એસ.એ. એન્ટરપ્રાઈઝ કંપનીનો ૩૫,૪૦૦ રૂપિયાનો ચેક મોકલી આપવામાં આવ્યો હતો, જેના આધારે વેપારીએ માલ લોડ કરીને મોકલી આપ્યો હતો.

આગામી દિવસોમાં આ જ રીતે ફરીથી ૧૨-૧૨ ડબ્બાના વધુ ઓર્ડર આપવામાં આવ્યા હતા અને આર્યા ટ્રેડિંગ મુંબઈ નામની કંપની તથા અન્ય નામોથી ચેક મોકલવામાં આવ્યા હતા. જો કે, બેંકમાં ચેક જમા કરાવતા તે બાઉન્સ થયા હતા અને તપાસ કરતા જે ખાતાના ચેક અપાયા હતા તે નામનું કોઈ એકાઉન્ટ જ ન હોવાનું બહાર આવ્યું હતું. આરોપી દ્વારા દરેક ઓર્ડર વખતે તેલના ડબ્બા મંગાવવા માટે અલગ-અલગ રિક્ષાઓ મોકલવામાં આવતી હતી. છેલ્લી વખત જ્યારે ફરીથી તેલના ડબ્બા લેવા માટે રિક્ષા મોકલવામાં આવી, ત્યારે વેપારીએ અગમચેતી વાપરીને પોલીસને જાણ કરી દીધી હતી, જેના પગલે સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો. કુલ ૩૬ તેલના ડબ્બા મેળવીને આચરવામાં આવેલી આ છેતરપિંડી અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

રોડ બ્લોક કરી પોલીસે ફોર્ચ્યુનરમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

ચીખલી-અટગામ માર્ગ પર SMCએ ૩૦.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બેને ઝડપ્યા, છ વોન્ટેડ

પાયલોટિંગ કરતી સ્કોર્પિયો સહિત અટકાયત કરાયેલા શખ્સોમાં વાપી અને પારડીના ઈસમો સામેલ

ઘેજ : ચીખલી અટગામ માર્ગ સ્થિત મલીયાધરા ગામની સીમમાંથી એસએમસીના સ્ટાફે રોડ બ્લોક કરી ફોર્ચ્યુનર કારમાંથી વિદેશી દારૂનો ૧૦.૨૦ લાખ રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે જેટલાને ઝડપી પાડી અન્ય છ જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

સ્ટેટ મોનિટરીંગ સેલનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બાતમીના આધારે ચીખલી અટગામ માર્ગ પર માલિયાધરા ગામની સીમમાં વોચ ગોઠવી હતી. આ દરમ્યાન પાયલોટિંગવાળી સ્કોપિયો કાર આવતા તેને જવા દીધા બાદ આડસ કરી રોડ બ્લોક કરી પાછળ આવેલી ટોયેટા ફોર્ચ્યુનર કાર જીજે ૦૫ ટીસી ૦૧૭૦ ને અટકાવી તપાસ કરતા તેમાંથી ૧૦૪ જેટલા પૂંઠાના બોક્સમાં તથા છૂટી મળી

વિદેશી દારૂની કાચ અને પ્લાસ્ટિકની બોટલ તથા ટીન બિયરનો ૪૪૮૪ નંગનો ૧૦,૨૦,૯૬૦ નો જથ્થો અને કાર તથા મોબાઈલ ફોન સહિત ૩૦,૪૦,૯૬૦ રૂપિયા નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ચાલક જીતુ ઉર્ફે યતીન રાઠોડ (રહે બલીઠા ટાંકી ફળિયા) તથા ક્લીનર મીત ઉર્ફે મીતલો માહ્યાવંશી (રહે સરોધી) ની ધરપકડ કરી હતી.

ઉપરોક્ત ગુનામાં સ્કોપિયો કાર પાયલોટિંગ કરનાર નસિમુદિન ઉર્ફે આઝાદ લંગડો નિઝામુદ્દી હાફેઝ (રહે નવસારી લક્ષ્મી ટોકીઝ પાછળ) તથા સુરતનો વિવેક તથા દારૂ ભરેલી કાર આપનાર દમણનો શાહબાઝ અને પગલો ઉપરાંત ઉધના ખાતે દારૂ મંગાવનાર, ફોર્ચ્યુનર ગાડીનો માલિક સહિત છ જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ રૂરલ પોલીસ મથકના પીએસઆઈ વી જી ભરવાડે હાથ ધરી હતી. ઉપરોક્ત ગુનાની ફરિયાદની વિગત અનુસાર વોન્ટેડ પૈકી નસીમુદીન ઉર્ફે આઝાદ લંગડા સામે વલસાડ, નવસારી, સુરત જિલ્લામાં ૧૧ જેટલા ગુના નોંધાયેલા છે.

સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં COTPA એક્ટ હેઠળ દંડનીય કાર્યવાહી

સાપુતારાઃ સાપુતારાના મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટના કડક અમલીકરણ માટે પોલીસ વિભાગ, આરોગ્ય અને એસ.ટી. ડેપો વિભાગ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં નિયમોનું ઉલ્લંઘન કરતાં કસૂરવારો સામે કુલ ૧૩ કેસ નોંધી રૂ.૨૫૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. તેમજ સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત વઘઇની કોલેજમાં વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૧૩૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય શાખાના સોશિયલ વર્કર રસીલા સી. ચૌધરી દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી તમાકુના ગંભીર નુકસાન અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી.

જાહેરનામું
મતદારયાદી પ્રસિધ્ધિનો કાર્યક્રમ
(જુઓ નિયમ-૪,૫,૬ અને ૭)

ક્રમાંકઃએડીએમ/ચૂંટણી/વ.તા.સ.ખ.વે.સંઘ/૦૧/૨૦૨૬

વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડની વ્યવસ્થાપક સમિતિના કુલ ૧૨ સભ્યોની ચૂંટણી હાથ ધરવાની છે. જેના સંદર્ભમાં ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતોના નિયમો-૧૯૮૨ના નિયમ-૪, ૫, ૬ અને ૭ની જોગવાઈ અન્વયે સદરહુ સંઘના નીચે જણાવ્યા મુજબ-૩ (ત્રણ) વિભાગના સભાસદોના વિભાગની તૈયાર કરવામાં આવેલ મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિનો કાર્યક્રમ નીચે મુજબ કરવામાં આવે છે અને ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ના નિયમ-૧૬થી તેમજ કલેક્ટરશ્રી વલસાડના તા.૧૭-૦૮-૨૦૨૬ ના નં.ચૂંટણી/વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી/૨૦૨૬ થી મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, નાયબ કલેક્ટર, વલસાડ આથી જાહેર કરું છું કે તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી વ્યવસ્થાપક સમિતિના કુલ-૧૨ સભ્યોની ચૂંટણી થવાની છે. તે અંગે ચૂંટણી અંગેની જાહેરાત નમુનો-૧ ની અનુસુચિના નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળોની ચૂંટણી સંબંધમાં નિયમ-૧૬ હેઠળ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કર્યો છે.

મતદાર વિભાગો		
૧	અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા. સહકારી મંડળીના પ્રતિનિધિ	૯
	બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝ્યુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ	૨
	ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી	૧

મતદાર યાદીનો કાર્યક્રમ

અ.નં.	વિગત	તારીખ/વાર	સમય	સ્થળ
૧	કામચલાઉ મતદાર યાદીની પ્રસિધ્ધિ	૨૯-૦૮-૨૦૨૬ (શનિવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ ૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી વલસાડ ૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય) ૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ.
૨	પ્રસિધ્ધિની તારીખથી મતદાર યાદી સામે દાવો/વાંધો હોય તો તે રજુ કરવાની છેલ્લી તારીખ	૦૭-૦૯-૨૦૨૬ (સોમવાર)	૧૫:૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી સમક્ષ, નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ
૩	મતદાર યાદી સામે આવેલ દાવા અને વાંધાઓના નિકાલ કરવાની છેલ્લી તારીખ	૦૮-૦૯-૨૦૨૬ (મંગળવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર કચેરી, વલસાડ
૪	આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિ	૦૯-૦૯-૨૦૨૬ (બુધવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ ૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ ૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય) ૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ

ચૂંટણી અંગેની જાહેરાત
નમૂનો-૧,
(જુઓ નિયમ-૧૬)
અનુસૂચિ

૧	મતદાર વિભાગનું નામ	અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા.સહકારી મંડળીના પ્રતિનિધિ	૯
		બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝ્યુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ	૨
		ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી	૧
૨	ઉમેદવારી પત્રો મેળવવા અને ભરેલા ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.	તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરૂવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ	
૩	મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ	તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરૂવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ	
૪	ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ.	તા. ૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર) ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ	
૫	માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ	તા.૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર)ના રોજ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ	
૬	ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.	તા.૧૭-૦૯-૨૦૨૬ (ગુરૂવાર) ૧૫-૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ	
૭	હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની	તા.૧૮-૦૯-૨૦૨૬ (શુક્વાર)	
૮	મતદાન જરૂરી હોય તો તેની તારીખઃ	તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર)	
૯	જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય.	સવારના ૮-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી	
૧૦	મત ગણતરી માટેની તારીખઃ	તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) ૧૭-૦૦ કલાકથી પૂર્ણ થાય ત્યાં સુધી	
	મત ગણતરી સ્થળઃ એ.પી.એમ.સી. વલસાડ		

સ્થળઃ વલસાડ
તારીખઃ As per E-Sign

E-Sign/-
(વિમલ પટેલ)
ચૂંટણી અધિકારી,
વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ
અને નાયબ કલેક્ટર, વલસાડ

નં. માહિતી/વલસાડ/૩૫૩/૨૦૨૬